સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

ઇમેજ બદલવામાંથી નવરો થાઉં તો ને!
હવન અને યજ્ઞોમાંથી નવરો થાઉં તો ને?
નવરો થાઉં છું ક્યાં? - દેશવ્યાપી પ્રચારમાંથી?!
સંતો-બાબા-બાપુઓથી નવરો થાઉં તો ને?
(પાણી-સોગંદનામું - ન થતાં કોર્ટ નારાજ)

હાઈકુ

આવે છે ટેક્ષ!
પ્રજાના સ્તન-પાને,
પૂતના માસી..
(લોકલ બોડી ટેક્ષ)

લીધો બદલો!
ચઢાવ્યો વેંટીલેટ્રે -
સરબજીત..
(પાક અવળ ચંડાઇ)

ચિંતન

અર્થનાશં મનસ્તાપં ગૃહે દુશ્ચરિતાનિ ચ ।
વચનં ચાપમાનં ચ મતિમાન્ત પ્રકાશયેત ॥

બુદ્ધિશાળી મનુષ્યએ પોતાના દ્રવ્યોને વિનાશ થયો હોય (ખોટ ગઇ હોય, ચોરી થઇ હોય, ઘરનાં સભ્યએજ કોઇ મોટું નૂકશાન પહોંચાડ્યું હોય) મનમાં કોઇ કારણસર સંતાપ-ઉદ્વેગ હોય તો પણ તે બહાર કોઇને બતાવવો નહીં અર્થાત્ આનંદ-મજા જ છે એવો ચહેરો રાખવો ઘરમાં કોઇનું ચારિત્ર્ય સારૂં ન હોય તો પણ બહાર તેનો ઘબાગરો ન કરવો. ઘરની આબરૂં સાચવી લેવી; અને કોઇએ આપણી સાથે છેતરપીંડી કરી હોય, આપણે પણ બુદ્ધિપૂર્વક વિચાર કર્યા વિના છેતરાયા હોઇએ તો પણ કોઇને કહેવું નહીં, મનમાં સમસમી બેસી રહેવું અને કોઇએ આપણું અપમાન કર્યું હોય-સ્વમાન ઘવાયું હોય તો પણ કોઇને કહેવું નહીં.

કેટલાંક લોકોને ધૈર્ય-સહનશક્તિ -ક્ષમા ભાવ હોતો નથી. ઘરમાં, પરિવાર-કુટુંબ-સમાજ કે કાર્યક્ષેત્રનાં વર્તુળમાં કોઇનો સ્વભાવ ન ગમે, કોઇનું આચરણ ન ગમે - કોઇનું બોલવાનું હાવભાવ-રીત ન ગમે તો જ્યાં જ્યાં જાય ત્યાં એ બાબતોનો એવાં લોકોનો ઢંઢેરો પીટી પોતાના સ્વભાવ-આદત તો વ્યક્ત કરે જ છે પણ સામી વ્યક્તિ સાંભળીને તમને કંઇ રાહત આપી શકે તેમ નથી. હૃદયનાં ઘાવ, દુખ પરિવાર શા માટે બીજાને કહેવાં જોઇએ?!

ક્ષમા અને સહનશક્તિ સાથે મૌન એ જ બધાં દર્દોની અકસીર દવા છે.

સુવિચાર

- જ્ઞાન મેળવવું કઠિન નથી પણ એને આચરણમાં મૂકવું અઘરૂં છે - **એસ. ભદ્રાચાર્ય**
- વિચારમાંથી વાણી અને વાણીમાંથી વર્તન વ્યક્ત થાય છે. એટલે વિચાર ઉત્તમ રાખવા- વિચાર કોઇને કોઇ સ્વરૂપે પ્રકટે જ છે - **સ્વામી વિવેકાનંદ**
- લોકોપયોગી જીવન જીવવાનાં સૂત્રો : સત્ય, સંયમ, સહકાર, સેવા અને સમર્પણ.. - **સ્વામી રામદાસ**
- વાત વાતમાં શંકા કરનાર, પોતાની જ હોશિયારીનું પ્રદર્શન કરનાર, લોકો-સમાજથી ડરનારથી લક્ષ્મી દૂર થાય છે - **શિવાનંદ**
- રાગ અને દ્વેષ જ્ઞાનને અવરોધક છે - **કબીર**
- વિવેક, શ્રમ, ચારિત્ર્ય અને વ્યવહારપણુ આ ચાર સફળતાના પાયા છે- **સ્વામી ચૈતન્યાનંદ**
- વિદ્યા, રાજ્ય અને ધર્મ યોગ્ય મનુષ્યને જ અપાય - **કૌટિલ્ય**

બોધ કથા

ધાર્મિક હોવું ગુન્હો નથી દરેક વ્યક્તિ પોતાના ઇષ્ટદેવ-કુળદેવ-કુળદેવી-પોતાના ધર્મ કે સંપ્રદાયમાં અતૂટ શ્રદ્ધા રાખી શકે - પણ 'ઇશ્વરતત્વ' બદા ધર્મો-સંપ્રદાયમાં 'એક જ' છે મારો જ પંથ-મારો જ સંપ્રદાય-મારો જ ધર્મ શ્રેષ્ઠ એ વાત બીજા પણ સ્વીકારે એ 'કટ્ટર' વલણ કહેવાય.

શિષ્યમાં પોતાના પંથ-ઇષ્ટ-સંપ્રદાય પ્રત્યે આવો ભાવ હતો. બીજા ધર્મો એના સાધુઓ-મૌલા-મૌલવી-નીતિ-રીતિ-રિવાજની સદાય ટીકા કરતો-ગુરૂને ગમતું નહીં ક્યારેક તેને સમજાવવા પણ પ્રયત્ન કરતા - તેમ તેમ શિષ્ય વધારે કટ્ટર થતો.

એકવાર એક સંગીતના કાર્યક્રમમાં બેઠાં હતા. મૃદંગ વાગતું હતું. વગાડનાર પણ સાથે બોલતો હતો. ધિક્તાન-ધિક્તાન-

શિષ્યએ ગુરૂને પૂછ્યું - આ ધિક્તાન-ધિક્તાનનું રહસ્ય શું હશે? ગુરૂજીએ તક ઝડપી એક શ્લોક કહ્યો - મૃદંગો અવદત ધીર ગંભીર ઘોષૈઃ । પૂરાણે-કુરાને ચ રામ-રહીમે ચદીયાન્તરે વર્તતે ભેદભાવ, ધીક્તાન્ ધીક્તાન, ધીક્તાન-અર્થાત્ જે પુરાણો-કુરાન, રામ અને રહીમ વચ્ચે ભેદભાવની દૃષ્ટિ રાખે છે અને કટ્ટર વલણ અપનાવે છે એવાનો ધિક્કાર હો-ધિક્કાર હો-ધિક્કાર હો..

શિષ્યને ગુરૂનો ગર્ભિત ઇશારો સમજાઇ ગયો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

સગાઈ થઈ ગઈ, વેરી ગુડ...!! પ્રેમનું તો ઠીક, પણ શાકભાજીનું શું..??

સંસારનો ઉપસંહાર : લિપ્સ્ટીકનો કલર નહીં પણ મરચાંનોય કલર લાલ હોય અને લગ્ન પહેલાંનાં બ્રાન્ડેડ કપડાંનો ખર્ચો ના ઘટ્યો તો બેંડ વાગી જાય

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

કૉલેજની મિત્રતા પ્રેમમાં ક્યારેક પલટાઇ ખબર જ ના પડી અને પછી તો બંને લગ્ન પછીનાં સંસારમાં મધુરા ખયાલોમાં ખોવાઇ જવાં લાગ્યાં...

જેમ જેમ ઓળખાણ વધતી ગઇ, મૈત્રી થઇ ગઇ એમ એમ નિકુંજ અને નેહાનાં વાતોનાં વિષયમાં એકબીજાની વ્યક્તિગત વાતો થવાં લાગી... અને આમ સહજ થતી વાતોમાં નેહાને ધ્યાને આવ્યું કે નિકુંજને બ્રાન્ડેડ વસ્તુઓનો ભારે કેઝ છે. એ દરેક વાતમાં બ્રાંડ ને મહત્ત્વ આપતો હોય એવું લાગ્યું... પહેલાં તો નેહાએ બહુ ધ્યાન ના આપ્યું. પણ પછી ધીમે ધીમે એને ખબર પડવા માંડી કે બ્રાન્ડેડ વસ્તુઓ તો ઘણી મોંઘી હોય છે. પેન્ટાલૂન - પીટર ઈંગ્લેન્જ કે પછી વુડલેન્ડ, રેડ ચીફ, ક્રોસ મોમ્બા... આ બધી બ્રાન્ડ દરેક ગણી મોંઘી હોય છે...

અત્યારે તો ઠીક છે. પણ લગ્ન પછી આટલાં રૂપિયા આવી વસ્તુઓ પર વેડફવાનાં આપણને પોસાશે? સારૂં, હવે આ પ્રશ્ન નિકંજુને પુછવોય કેવી રીતે? ક્યાંક એને ખોટું લાગશે તો? પછી વિચાર્યું કે એ તો કોમર્સનો માણસ છે, પ્રેકટીકલ છે એટલે નેહાએ એ પ્રશ્ન નિકુંજને પુછી જ નાખ્યો...

અચાનક પૂછાયેલાં પ્રશ્નથી નિકુંજ કેટલીક વાર તો મૂંગો જ રહ્યો અને પછી વિચાર કરીને બોલ્યો, ''જો નેહા તારી વાત તો એકદમ સાચી છે, અને આવો વિચાર તો મેં ક્યારેય કર્યો જ ન હોતો. પણ અચાનક જ આમ આ બ્રાંડેડ વસ્તુઓ છોડી સેકટર-૨૧નાં રેડિમેટ ગારમેન્ટમાંથી તો વસ્તુઓ ખરીદવી મારાથી શક્ય નહીં થાય.''

નેહા, 'શક્ય નથી, આવું તો કેમ ચાલશે? આવી કોમ્પ્રોમાઈઝ તો સૌએ સંસાર માટે કરવી જ પડતી હોય છે.'

નિકુંજ બોલ્યો, 'બધાંની તો મને ખબર નથી, પણ હું તો નહીં કરી શકું.'

અને આ વાત પર બંનેની તું તું માં માં થઇ ગઇ અને એમાંથી મોટો ઝઘડો... ગુસ્સામાં બંને ત્યાંથી છૂટા પડ્યાં, બંને વચ્ચે મંગાવેલો બટર સ્કૉચ આઇસ્ક્રીમ એમનાં ઝઘડામાં આગમાં પીગળવાં લાગ્યો... નેહા ગુસ્સામાં ચાલતી ઘરે જવાં નીકળી તો નિકુંજ ગુસ્સામાં જીમમાં જઇ રોજ કરતાં વધારે કસરત કરી ગુસ્સાને પરસેવાથી બહાર કાઢ્યો... બંનેનાં પગ અને શરીર વધુ દુઃખતા હોવાથી મોડી રાત સુધી બંને ઊંઘી શક્યા નહીં...

એ જાગરણનાં સમયમાં નેહાને ધ્યાને આવ્યું કે, આપણે નિકુંજને કીધું એ સાચું, પણ હું પણ કેટલીબધી વસ્તુઓ કમાવા લાગ્યા પછીએમ જ વેચાઇ લઇ લઉં છું. ક્યારેક નેઇલપેન્ટ કે લિપ્સ્ટીકની લાલ શેડ ગમી એટલે કે ક્યારેક કોક ડિસ્પ્લેમાં લટકતો ડ્રેસ ગમ્યો એટલે અને પાછો એ ડ્રેસને મેચીંગ ચપ્પલ અને પર્સ... વસ્તુઓ નાની અને મોટા ભાગે સસ્તી જ હોય છે, પણ એમન જ ૨૦૦ - ૫૦૦ કરતાં કરતાં આખા મહિનામાં કેટલીયે ફાલતું વસ્તુઓની ખરીદી થઇ જાય છે... હવે હું જો નિકુંજ પાસેથી ઓછા ખર્ચાની અપેક્ષા કરતી હોઉં તો, મારે પણ આવા ખર્ચા બંધ કરવાં પડશે. અને આ બધું જેમ મને અઘરૂં પડવાનું છે, એમ જ નિકુંજને પણ અઘરૂં પડશે જ, મારે ખરેખર આ વાત સમજવી લેવી જોઇએ... બસ નેહાએ નિકુંજે લઇ આપેલું ટેબ્લેટ લીધું અને એમાં મોટો ઈમેઇલ કરવા બેસી ગઇ...

આ બાજુ નિકુંજે ખુબ વિચાર કર્યો અને એમેય સમજાયું કે નેહા કહે છે એ બરાબર છે. અને તરત નેહાને બર્થડે ગિફ્ટ કરેલા સેમસંગ ગેલેક્સી એસ-૩ મોબાઈલથી એસએમએસ કર્યો. 'તું કરે છે એ બરાબર છે, કાલે આપણે મળીને વાત કરીએ...'

આ બંનેની સામે પ્રશ્નોની વણઝાર હતી. ધીમે ધીમે એમની સામે એવાં પ્રશ્નો આવવા લાગ્યાં, કે જે આવાં પ્રશ્નો હોય એવું જ કોઈનાં મનમાં આવ્યું નહોતું... નેહાનાં વાળ સરસ, લાંબા, ઘાટા હતા અને એ અઠવાડિયે બેવાર માથું ધોતી હતી. પણ લગ્ન બાદ ઘરમાં કામો પતાવી સમયસર સવારની સ્કૂલે પહોંચવાનું હોય ત્યાં વાળ ધોવાની અને સુકવવાનો સમય ક્યાંખી મળશે? એટલે પછી વાળ ગંજા રાખવાનાં કે કપાવી નાંખવાનાં? કે પછી ભીના વાળને અંબોડો કરી સ્કૂલે જવાનું? એટલે નિકુંજ બોલ્યો, 'એ દિવસે આપણે ડબ્બામાં સેન્ડવીચ લઇ જઈશું, અને એ હું બનાવીશ એટલે તારે એ દિવસે કામની અને રસોઈની ચિંતા નહીં, પણ તારે વાળ કપાવવાનાં નહીં.'

લગ્નનું નક્કી થયા બાદ નેહાની મમ્મીએ એને કીધેલું, 'જરા રસોડામાં ધ્યાન આપવાનું રાખ.' નેહાએ પણ ઉત્સાહથી રસોઈ શીખવી ચાલુ કરેલી અને ઘણીવાર એની ફજેતી પણ થયેલી. મીઠા વાળી ચા અને રસવાળા ભીંડાનું ચીંકણું શાક. એ બધી વાતો નિકુંજ જોડે શેંઅર કરતી. એની વાતો સાંભળી નિકુંજ ફિલ કર્યું કે આપણને તો રસોઈ આવડતી જ નથી, એણે ક્યારેય રસોઈ બનાવવી પડે એવું બન્યું જ નહોતું. નિકુંજને એ પણ ખબર હતી કે મમ્મી એને ક્યારેક રસોઈ શીખવશે નહીં. કારણ ઘરનાં પુરૂષો રસોડામાં આવીને રસોઈ બનાવે એવી કલ્પના જ એને માન્ય નહોતી...

નિકુંજને ખબર હતી કે લગ્નનાં થોડા મહિના બાદ સુરત શિફ્ટ થવાનું છે, અલગ સંસાર માંડવાનો છે, કશું જ આવડતું નથી, એવું તો કેમ ચાલશે? જો અલગ રહેવા જઈએ અને નેહા ઘરે નહીં હોય અથવા એ બિમાર હશે તો પોતાના માટે ચાર વિકલ્પ બચી જશે. ૧. મમ્મી જોડે જવાનું ૨. હોટલનું ખાવાનું ૩. રેડી ટુ ઈટનાં પાકીટમાંથી ખાવાનું ૪. અપવાસ કરવાનો. આમાં તો ચોથો પર્યાય સાંભળીને નેહા આંખમાંથી પાણી આવ્યા ત્યાં સુધી ખડખડાટ હસેલી... શું કામ અપવાસ કરવાનો? હું તને રાંધતા શિખવીશ ને? પછી લગ્ન પછીનાં રવિવારે આપણે બંને મળીને રસોઈ બનાવીશું. નેહા હૉલમાં બેસીને ભાત કેવી રીતે બનાવવાનાં એ શિખવાડશે. પછી એ ભાત છુટ્ટા દાણાવાળો બન્યો તો શું કરવાનું અને પાણી વધારે પડે તો રગડો બને તો શું કરવાનું? એનું પ્લાનિંગ કરતાં બંને ફેન્ટસીમાં ખોવાઈ ગયાં...

લગ્ન નક્કી થાય એટલે અનેક નાની નાની વાતો ધ્યાને આવતી જાય છે. મમ્મી-પપ્પા સાથે હોઈએ એટલે ઘરનાં ઘણાં કામો આપોઆપ થઈ જતાં હોય છે. માત્ર લગ્ન બાદ એ બધાં કામો જાતે કરવાં પડતાં હોય છે. એટલી બધી વાતોનું પ્લાનિંગ કરવું પડે છે. ઘણી વસ્તુઓ શીખી લેવી જરૂરી બને છે. આર્થિક નિયોજન કરી લેવું જરૂરી છે. લગ્ન પહેલાં કમાવેલાં રૂપિયામાંથી પોતાની ઈચ્છા મુજબની ખરીદી કરવાની ટેવ હોય છે અને એમાં સંસારનાં ખર્ચા આવીને ઊભા થઈ જાય એટલે પહેલાની ટેવો બદલવી પડે છે...

સમયનું પ્લાનિંગ ખુબ મહત્ત્વનું છે. સવારે ઉઠવાનું, પોતાનું કામકાજ આટોપવાનું, નાસ્તો કરવાનો, મમ્મીએ આપેલું ટિફીન લઈ ઑફિસ જવાનું, ઑફિસથી આવી ટીવી જોવાનું, મિત્રો સાથે બહાર રખડવાનું, નેટ ચેટીંગ અને રાત્રે સુઈ જવાનું... આ એશોઆરામની જિંદગીમાં અચાનક રસોઈ કરવાની, એની સફાઈ, શાકભાજી લાવવાની, એ ફ્રિજમાં મુકવાની, કરિયાણું, કપડાં ધોવાનાં, સુકવવાનાં, ઘડી કરીને મુકવાનાં, ઈસ્ત્રીમાં આપવાનાં, લઈ આવવાનાં, ઘઉં દળાવવાનાં, હૉલ સાફ કરવાનો, ચાદરો જાપટવાની, વાંચેલા છાપાની કુપન કાપીને પસ્તીમાં નાંખવાનાં, ગાર્ડનમાં પાણી નાંખવાનું, ફૂલો તોડવાનાં... આવાં અસંખ્ય કામો માટે સમય કાઢવો પડશે... આ બધાં કામોનું વિભાજન અને પ્લાનિંગ નહીં થાય તો કચકચ અને કજિયા, પ્રેમની જગ્યા લઈ લેશે... આમાં બેંકનાં કામો, લાઈટ બીંગ, ગેસ બીલ, પંકચર, ગાડી સફાઈ, પસ્તી વેચવાની, તૂટેલાં બટન સાંધવાનાં અને મહેમાનોને હસતે મોંઢે આવકારવાનાં... સંસાર એમ જ થોડો થાય છે??

ચૂંટલો :

સિરિયલમાં બતાવતાં સંસારના રસોડાનાં સિલિન્ડર ક્યારેય ખલાસ થતો નથી અને રાત્રેય લિપ્સ્ટીક સાથે સાડીમાં ફરતી બઈઓને ખબર નથી કે લાલ રંગ મરચાંનોય હોય અને રસોડામાં ગાઉન જોઈએ આસોપાલવની સાડી નહીં.

...દૂર દૂર સંગીતની સૂરાવલીઓ સંભળાતી હતી, કારણ કે આજે ગુજરાતનો સ્થાપના દિવસ હતો, વાહનો અને લોકોનાં ટોળા હસી મજાકને મસ્તી કરતાં આસપાસથી પસાર થતાં હતા, ત્યારે અમીતના મનમાં અંધકાર છવાઈ ગયો

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

ટ્રેન પુરપાટ ઝડપે દોડી રહી હતી. ગરમીનું પ્રમાણ વધવાથી બારીમાંથી ગરમ ગરમ પવન આવતો હતો. પરંતુ ગાંધીનગર હવે નજીક છે તે વિચારે અમીત બારીને માથું ટેકવી બેઠો હતો. તેણે પોતાના ચશ્મા ઉતાર્યા અને કાચ સાફ કર્યા પછી ફરીથી પહેલી લીધાં. ચશ્મા પહેરેલા તેના ચહેરામાં કોઈ ઈન્ટેલેક્ચ્યુઅલ વ્યક્તિત્વની ઝલક દેખાતી હતી. ટી-શર્ટ અને પેન્ટને પર લાગેલી ધૂળની ખેપટને હાથની ખંખેરી ફરી પાછો એ બારીને અઢેલીને બેસી ગયો. આજુ બાજુ બેઠેલા સહયાત્રીમાં તેને કોઈ રૂચી ન હતી. ધનન... ધનન... ટ્રેનનો આવતા તેને અતીતની યાદોમાં ખેંચી રહ્યો હતો. બારીમાંથી આવતો ગરમ પવન અને ઊડી આવતી ધૂળ સહયાત્રીઓ માટે ત્રાસજનક હોઈ શકે. પણ તેને માટે પોતાના શહેર સ્પર્શનો અનુભવ કરાવતી હતી. ઘ-૪ ના સર્કલ અને વિધાનસભા વચ્ચેના બગીચાની બંને તરફના રોડ પરથી પસાર થતાં વાહનોનાં ધમધમાટ વચ્ચે પણ અંકિતા સ્કૂલેથી છૂટીને સીધી યુનિફોર્મ પહેરેલ હોય અને દફતર એક બાજુ નાખી લાંબી થઈ સુતી. ગરમીમાં એ ઠંકડનો અનુભવ થતાં રોમાંચ અનુભવતી. એકદમ શાંત આજુબાજુ કોઈ હોય નહીં. માત્ર થોડી થોડી વારે આવતી ઠંડી હવાની કોઈ હલચલ જોઈ ન શકાતી. તે કદાચ પોતાના જીવનનો અર્થ શોધતી બેફિકર પડી રહી પોતાના જીવનને વાંચવાનો પ્રયત્ન કરતી. તેના વિખરાયેલાં વાળ કે ચહેરા પર પરસેવો કે ધૂળ લાગે તેની તેને જરાર ફિકર ન હતી.

એક દિવસ એ જ સાંજે એ બગીચામાં લંબાવીને પડી હતી ત્યાં કોઈએ આવીને કહ્યું, 'અંકિતા તારો ભાઈ મહાત્મા મંદિર પાસે પડી ગયો છે. રોઈ રહ્યો છે.' આ સાંભળી અંકિતા ઊભી થઈ ગઈ. એક હાથે સ્કૂલ બેગ ઊંચકીને બગીચામાંથી મોટી ફલાંગો ભરતી એ દોડી. આજુબાજુ દોડતાં વાહનોની પરવા કર્યા વિના દોડતી એ મહાત્મા મંદિર તરફ આવી. ત્યાં સ્કૂલે બેગને એકબાજુ ફેંકી એ સ્નેહલ પાસે આવી બેસીને પુછ્યું 'ભઈલા, કોણે તમે પાડી દીધો?' સ્નેહલ, બોલ કોણે તને પાડ્યો. ત્યારે આંખો ચોળતાં સ્નેહલે ત્યાં દૂર ઉભેલાં એક છોકરાને ઈશારો કરી બતાવ્યો. પછી તો તેની આવી જ બની. અંકિતાએ તેનું ચપ્પલ કાઢી એ છોકરાને સટ્ટાક સટ્ટાક ચોડવા માંડી. તેને બરાબર ધોઈ નાંખ્યો. ત્યાં આજુબાજુ ઉભેલા લોકોએ વચ્ચે પડી તેને બચાવ્યો. પણ અંકિતા જાણે કે રણચંડી બની ગઈ હતી. તેની આંખો લાલ લાલ થઈ ગઈ હતી. હાથમાં ચપ્પલ લઈને જાણએ આજે આ બધાની સાથે લડી લેવા માંગત હતી. સ્નેહલ પણ ડરી ગયો. દોડીને તેણે પોતાની બહેનને બાથ ભીડી દીધી. આવી રીતે અંકિતા તેના ભાઈ માટે હંમેશાં કંઈ પણ કરવા તૈયાર રહેલી.

અંકિતા તેના સેક્ટરમાં અમીતના ઘરથી થોડે જ દૂર રહેતી હતી. તેને માટે તેના ભાઈ સિવાય દુનિયામાં કોઈ ન હતું. અહીં તે પોતાના મામા મામીની સાથે રહેતી હતી. મામા મામીને કોઈ સંતાન ન હતું. પણ જેમ વાર્તાઓમાં હોય છે તેમ મામા આ બંને ભાઈ બહેનને ખુબ પ્રેમ કરતા. ટ્રેનના ઘનન... ઘનન... અવાજ અમીત ના મનને છેક ગાંધીનગર સુધી ખેંચી લાવ્યો.

'અમીત, તું ફરી આવી ગયો.' અંકિતા બગીચાની લોનમાં લંબાવતાં બોલી. અંકિતાને બગીચામાં એકલી જઈ અમીત તેની પાસે પહોંચી જતો.

'હું જોવા આવ્યો છું કે તું અહીં પડી પડી શું વિચારે છે.'

'જોઈને ખબર પડી જશે'

'પડી ગઈ.'

'તો બોલ'

'તું તારા મમ્મી-પપ્પાને યાદ કરે છે' અમીતની આ વાત સાંભળી અંકિતા બેઠી થઈ ગઈ. ચહેરા પર ધસી આવી આવેલી વાળની લટને સરખી કરતાં અમીત તરફ તેણે જોયું. પછી ફરી એ દૂર દૂર સુધી ફેલાયેલા બગીચાને જોઈ રહી. તેની આંખમાં આંસુ ઝળકી રહ્યાં હતા. આંસુને આંખમાંથી બહાર ન આવવા દેવાની મથામણ કરતાં તેણે કહ્યું, 'અમીત, યાદ કરૂં તો દુઃખ થાય છે. તેથી યાદ નથી કરતી. બસ વિચાર્યું છું કે સ્નેહલ ને ડૉકટર બનાવું. પણ કઈ રીતે?'

'હજી તો ઘણી વાર છે. તે હજુ ઘણો નાખો છે.'

'અમીત મારી પાસે સમય બહુ થોડો છે.'

'સારૂં તો મને કહે કે સ્નેહલને તો તું ડોકટર બનાવવાની પણ તું શું બનીશ? વિશ્વ સુંદરી. પરસેવે રેબઝેબ વિખરાયેલા વાળ વાળી વિશ્વ સુંદરી.' કહીને તેને ખીજવી અમીત ભાગ્યો.

'ઉભાં રે તને બતાવું.' કહેતા એ એના પાછળ પડી.

'સાહેબ ચ્હા' ચ્હાવાળાએ અમીનની નજીક આવી જોરથી કહ્યું, તેથી તેની યાદોની તંદ્રા તૂટી. કદાચ કોઈ સ્ટેશન આવ્યું લાગે છે. હવે ગાંધીનગર વધારે દૂર નથી. હમણાં એ પતંગાકારનું સ્ટેશન દેખાશે. ચ્હાની ચુસકી લેતાં ફરી અમીતનું મન અંકિતા તરફ દોડવા લાગ્યું. જાણે કે અંકિતા બગીચાની હરિયાળી લોનમાં નહીં પણ તેના દિલો-દિમાગમાં છવાઈ રહી હતી. તેને એ એવી રીતે યાદ આવતી હતી જાણે કે ગાંધીનગરમાં માત્ર અંકિતાજ હોય. સ્કૂલ યુનિફોર્મમાં આમતેમ દોડતી તેને એ અનુભવી રહ્યો હતો.

અમીતે કૉલેજના આગળના અભ્યાસ માટે ગાંધીનગર છોડ્યું તો અંકિતા એ પોતાનું ભણવાનું છોડીને સ્નેહલને ભણાવવામાં મચી પડી. તે કૉલ સેન્ટરમાં સર્વિસ કરવા લાગી. તે ઘણી વખત નાની સાથે ઝઘડા કરતી. અમીત જો વચ્ચે પડે તો એ કહી દેતી. 'અમીત. તું અમારી બાબતમાં વચ્ચે ના પાડીશ!

અમીતને નોકરી મળી એ પછી એ ગાંધીનગર આવ્યો એટલે સીધો જ દોડીને બગીચામાં આવ્યો. અંકિતા ત્યાં બગીચામાં બેઠી હતી. પણ ત્યાં કોઈ બીજી છોકરી હોય એમ લાગ્યું. કેમ કે સ્કૂલ યુનિફોર્મમાં ન હતી. અમીત ઓળખી શક્યો નહીં. તે નજીક ગયો.

'તમે કોણ?'

'વિશ્વ સુંદરી'

'ઓ હો અંકિતા, તું કેટલી બદલી ગઈ છે. ખરેખર વિશ્વ સુંદરી લાગી રહી છે.'

'મજાક કરે છે.'

'છૂટા વાળ, ડીઝાઈનર રંગીન કુર્તિને જીન્સ પહેરેલું હાથમાં ઘાસની સળી લઈ દાંત ખોતરતી એ બેઠી હતી. અમીત નજીક ગયો અને તેના હાથમાંથી તણખલું લઈ નીચે ફેંકતા બોલ્યો.' 'હું' તો માર ખાઈ ગયો યાર, તેં મને ઓળખી લીધો. તને ખબર છે. મને બેંગ્લોરમાં નોકરી મળી ગઈ છે. બા-બાપુજીને સાથે લઈ જવા આવ્યો છું. તે એક સાથે બધું બોલી ગયો.

અંકિતા એ વાળ ને સરખા કરી તેના પર ગોગલ્સ સરખાં લગાવતાં કહ્યું, 'બસ કહી દીધું, બીજું કંઈ?'

'કેમ?'

'મેરેજ કરીને'

'મારે મેરેજ નથી કરતાં, ખાસ તો તારી સાથે.'

'કેમ? હું કંઈ ખરાબ છું.'

હું સ્નેહલને ડૉકટર બનાવી ન દઉં ત્યાં સુધી લગ્ન નહીં કરૂં. અને ત્યાં સુધી હું તને રાહ જોવડાવવા માંગતી નથી. આ વાતે અમીત નિરાશ થઈ ગયો. એ તેને કંઈ કહી શક્યો નહીં. ઘેર જઈને પાછા જવાની તૈયારીમાં લાગી ગયો. બા-બાપુજી સાથે બધો સામાન લઈને જવાનું હતું. બેંગ્લોરમાં તેને કંપનીનો બંગલો મળી ગયો. બે દિવસમાં સામાન ટ્રકમાં ભરાવી દીધો અને અચાનક દોડીને અંકિતાના ઘરે ગયો. તેણે વિચાર્યું કે અંકિતાના મામા-મામી સાથે વાત કરી દઉં. ઘરનાં આંગણામાં પહોંચ્યો ત્યાં અંદરથી આવતા અવાજો તેના કાનમાં ટકરાયા.

'હું કાંઈ ન જાણું. મારા પપ્પાના બે લાખ રૂપિયા છે તે મારે જોઈએ.'

'અરે! જા... જા... તારા પપ્પાના બે લાખ તે કંઈ પડ્યા રહ્યા હશે. અત્યાર સુધી તમારા પાછળ થયેલા ખર્ચાનું શું?'

હું તમને જે ખર્ચ થયો છે તેની એક એક પાઈ ચુકળી દઈશ. પણ એ પૈસા પર મારા ભાઈનો હક્ક છે. મારે તેને મેડિકલ એકમિશન અપાવવું છે. એ પૈસા તો તમારે આપવાં જ પડશે. મારે તેમાંથી તેની ફી ભરવાની છે.

'હું જોઉં છું તું કઈ રીતે પૈસા લે છે.'

આ ઝઘડો જોઈને અમીત નક્કી કરી શક્યો ન હતો કે અંદર જવું કે નહીં! ત્યાં તેના બાપુજીએ બૂમ પાડી. બેટા આપણે મોડું થાય છે. પછી અહીં જ સાંજ થઈ જશે. તેના માટે શહેરની આ છેલ્લી સાંજ હતી. તે પછી એ ગાંધીનગર ક્યારેય આવ્યો નહીં. તે બેંગ્લોરમાં પોતાના કામમાં વ્યસ્ત થઈ ગયો.

ટ્રેન અટકતાં ફરી યાદોની વણઝાર અટકી ગઈ. કદાચ સ્ટેશન નજીક હતું. ગાડી ધીમી પડીને સ્ટેશન પર આવી ઊભી રહી. તેણે સામાન ઉતાર્યો. સામાનમાં બીજું હતું પણ શું એક સૂટકેશ હતી. અમીતે સુટકેશ નીચે મુકી આકાશ તરફ જોયું. બંને હાથ ફેલાવી એ ફરી એકવાર આ શહેરનો હવાને અનુભવવા માંગતો હતો. જે તેની શરીરમાં ઉર્જા ભરી દેતી હતી. તેને વિચાર આવ્યો. હવે તો સ્નેહલ પર ડૉકટર થઈ ગયો હશે અને અંકિતાને તેની મામીને પરણાવી દીધી હશે. કેમ કે એ તો અંકિતાથી પોતાનો પીછો છોડાવવા માંગતાં હતા. જોઈએ જઈશ ત્યારે ખબર પડશે. અમીત મનમાં એવું પણ વિચારવા લાગ્યો કે મેં લગ્ન નથી કર્યા નો કદાચ અંકિતાએ પણ લગ્ન ન કર્યાં હોય. તેણે કૉલ સેન્ટરમાં ઉજાગરા કરીને ભાઈને માટે પોતાની જાતને ઘસી નાંખી છે. બાકી એ કેવી સુંદર છે. તેની એને કયાં ખબર જ છે. અમીતના મગજમાં આવા અનેક વિચારો દોડતાં હતા. જો કે હવે અમીતના પગોમાં બચપણ જેવો તરવરાટ ન હતો. ચાલમાં મેચ્યોરીટી આવી ગઈ હતી. સ્ટેશનની બહાર આવીને વિચાર્યું. ચાલતા બગીચા તરફ જ નીકળું અંકિતા ગાંધીનગરમાં હશે તો ત્યાં જ મળી જશે. તે સુટકેશ હાથમાં લઈ ચાલી નીકળ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

નૃત્ય એ અભિવ્યક્તિ છે આનંદની

પારિજાત

- રેખા ભટ્ટ

"હંમેશાં પણછ ખેંચાયેલી રાખશો તો ધનુષ વહેલું તૂટી જશે."

- ફ્રેડ્રસ

ધીમે ધીમે ગરમી જોર પકડતી જાય છે અને સાથે સાથે લગનગાળો યો જામતો જાય છે. લગન ગાળો યાદ કરીએ એટલે અચૂક યાદ આવી જાય વરઘોડામાં નાચતાં બાળકો, સ્ત્રીઓ, પુરુષો.

આપણે રસ્તા પરથી જતાં જતાં કે ગાડીમાંથી જોતાં હોઇએ ત્યારે આ જોઇને હસવું આવી જાય! એક તો માથે ખરા બપોરનો તડકો, મોંઘીદાટ વજનદાર સાડીઓ, ચરબીથી લથબથ શરીરો... પણ જે નાચી રહ્યાં છે એ બધાં તો છે પોતાનામાં જ મસ્ત! કેવાં લાગીએ છીએ એની એમને લગારે ય નથી પડી. બસ મનમાં આનંદ છે અને શરીરમાં નર્તન છે.

આધુનિક માણસોમાંથી આમ તો નૃત્ય લગભગ ખોવાઇ ગયું છે એમ કહીએ તો ચાલે. ક્યારેક લગ્ન પ્રસંગે કે પાર્ટીમાં થોડુંક નાચી લે છે પણ દિલ ખોલીને નહીં. થોડાક સંકોચ સાથે.... અચકાતા, અચકાતા. "બધા જોઇ રહ્યાં છે, કેવું લાગે? લોકો શું કહેશે? મને તો નાચતાં નથી આવડતું નથી! આવા બેડોળ શરીર સાથે કેવી રીતે નચાય? વગેરે વિચારો આવી જાય છે."

પણ નૃત્ય એ અભિવ્યક્તિ છે આનંદની. ખુશીથી - મસ્તીથી મન છલકાઇ જાય એટલે શરીરમાં નૃત્ય પ્રવાહીની જેમ ફ્રી વળે છે અને અંગ અંગમાંથી છલકાય છે એમાં કોઇ નિયમ કે તાલીમની જરૂર રહેતી નથી. તેથી જ, નૃત્ય વખતે અહંકાર નથી બચતો. એક પ્રકારની મુક્તિ અનુભવાય છે અથવા ઊડતાં હોય તેવું લાગવા માંડે છે અને જેમ જેમ શરીરની તાકાત ખરચાતી જાય છે તેમ તેમ મન વધારે ને વધારે આંદોલિત થઇ જાય છે. સ્થળ - કાળ - સમય - કશું યાદ રહેતું નથી રહી જાય છે માત્ર અને માત્ર નર્તન... મનમાં એવું થઇ જાય છે હમણાં પાંખો ફૂટશે અને કદાચ ઉડવા જ માંડશે...

મસ્તીથી નાચવા માટે લગ્નનાં જેવી જ બીજી તક છે નવરાત્રીની... આમ તો બજારમાં શાક લેવા જતાં થાક લાગે પણ જેવી રાત પડે કે તરત શરીરમાં ઝમઝમ થવા માંડે અને પાર્ટી પ્લોટમાં પહોંચવા જેટલો વિલંબ પણ સહન ન થાય.

અને આખી રાત નોરતાંની રમઝટમાં - રાત ક્યાં